સંદીપ સિંહ પોલીસ મહાનિરીક્ષક વડોદરા તથા આઈ.જી.શેખ પોલીસ અધિક્ષક છોટાઉદેપુરની સુચના અને માર્ગદર્શન હેઠળ છોટાઉદેપુર જીલ્લામાં ગુનો કરી નાસતા ફરતા તથા પકડવાના બાકી હોય તેવા જીલ્લાના તેમજ જીલ્લા બહારના આરોપીઓની ધરપકડ કરી અસરકારક કામગીરી કરવા સૂચના જિલ્લાની તમામ પોલીસને આપી હતી જેને પગલે વી.એસ.ગાવિત પોલીસ ઈન્સ્પેકટર લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા એલ.સી.બી સ્ટાફના પોલીસ કર્મચારીઓને મૌખિક સુચના આપેલ

જે અન્વયે આજ રોજ અમો તથા એલ.સી.બી સ્ટાફના પોલીસ કર્મચારીઓ પાનવડ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન અંગત



બાતમીદાર થકી હકિકત મળેલ કે આજથી આશરે બે માસ પહેલા ઉનાળુ વેકેશન દરમ્યાન મોજે ભુમસવાડા પ્રાથમિક શાળામાંથી છે પાણીની મોટર, પંખા,ટયુબ લાઈટ વિગેરેની ચોરી થયેલ જે મુદામાલ ભુમસવાડા ગામે રહેતા કમલેશભાઈ મનસિંગભાઈ રાઠવાનાઓ કંતાનના કોથળામાં ભરીને મોજે કરજવાંટ ચોકડી ઉભેલ છે ત્યાંથી પકડી આ ઇસમ પાસેથી મળી આવેલ કંતાનનો કોથળો પંચો રૂબરૂ ખોલી જોતા તેમાં ઉપરોકત બાતમી હકિકતમાં જણાવ્યા મુજબની પાણીની સબ મર્સીબલ મોટર, પંખા, વિગેરે સરસામાન હતો આ પકડાયેલ ઇસમ પાસે મળી આવેલ પાણીની મોટર, પંખા બાબતે કોઈ આધાર પુરાવા કે બીલો માંગતા તેઓ પોતાની પાસે નહી હોવાનું જણાવી કોઇ સંતોષકારક જવાબ નહી આપતા કોઇ જગ્યાએથી ચોરી- કરેલાનું જણાઈ આવેલ હોય આવેલ જેથી સદર પકડાયેલ ઇસમને વિશ્વાસમાં લઇ યુકિત-પ્રયુકિતથી પુછપરછ કરતા ઉપરોકત સર-સામાન આજથી બે માસ પહેલા સ્કુલમાં વેકેશન દરમ્યાન ભુમસવાડા ગામની બંધ પ્રાથમિક શાળાના છેલ્લા ઓરડાની બારી તોડી અંદર પ્રવેશ કરી અંદર પડેલ પાણીની મોટર પંખા, ટ્યુબલાઈટ, બલ્બ,સી. સી.ટી.વી કેમેરા વિગેરે સામાનની રાત્રીના સમયે ચોરી કરેલાની કબુલાત કરતો હોય જેથી મળેલ મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ છે તેમજ સદર ઇસમ ને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી પાનવડ પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવેલ છે

# ગાંધીનગરમાં આજથી ત્રિદિવસીય આંતરરાષ્ટ્રીય કક્ષાનો ભવ્ય ટ્રાવેલ્સ શો

● અમદાવાદ, તા.૭

ગાંધીનગર ખાતે મહાત્મા મંદિર કન્વેન્શન એન્ડ એક્ઝિબિશન સેન્ટર ખાતે ટ્રાવેલ એન્ડ ટુરિઝમ ફેરનો આજરોજ રાજ્યના પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરા તથા ગુજરાત પ્રવાસન નિગમના અધિકારીઓની ઉપસ્થિતિમાં પ્રારંભ કરવામાં આવ્યો હતો. ભારતના અગ્રણી ટ્રાવેલ શો ટીટીએફમાં આ વર્ષે ટ્રાવેલ ઉદ્યોગના વ્યવસાયિકો માટે ગુજરાતમાં અત્યાર સુધીની સૌથી મોટી ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બંને પ્રકારની ભાગીદારીમાં નોંધપાત્ર વધારો થયો છે. ત્રણ દિવસ ચાલનારા આ ટ્રાવેલ ટ્રેડ શોમાં ૨૯ દેશો અને ભારતના ૨૭ રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોના ૯૦૦ થી વધુ પ્રદર્શકો પ્રવાસ પેકેજો અને વ્યવસ્થાપન સેવાઓથી લઈને અધ્યતન મુસાફરી સુધીની તેમની નવીનતમ ઓફરો રજૂ કરશે, જેમાં ખાસ ટ્રાવેલ ડીલ્સ અને પેકેજો ઉપલબ્ધ છે. વેપારીઓ તેમના ગ્રાહકોને શ્રેષ્ઠ વિકલ્પો આપશે જેથી રાજ્યના ટ્રાવેલ ઉદ્યોગનો વધુ વિકાસ થશે.

# "સેકન્ડ ઓપન બરોડા મેજર રેક્િંગ ટીટી ટુર્નામેન્ટ ૨૦૨૪"

ટેબલ ટેનિસ એસોસિએશન ઑફ બરોડા (TTAB) 2S ઓપન બરોડા મેજર રેક્િંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ-૨૦૨૪ TTAB-MSU TT સેન્ટર, યુનિયન પેવેલિયન, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા, ફતેહગંજ, વડોદરા ખાતે ૯ થી ૧૧ ઓગસ્ટ ૨૦૨૪ સુધી આયોજિત કરવા જઈ રહી છે.

આ ટુર્નામેન્ટમાં કુલ ૧૯ ઈવેન્ટ્સ રમાશે જેમાં બોયઝ અને ગર્લ્સની અલગ-અલગ બાર સિંગલ્સ ઈવેન્ટ્સનો સમાવેશ થાય છે જેમાં મેન્સ અને વિમેન્સ અને ચાર વેટરન્સ મેન્સ સિંગલ્સ, એક મેન્સ ડબલ્સ, એક મિક્સ ડબલ્સ અને એક જમ્બલ્ડ ડબલ્સનો સમાવેશ થાય છે.

ટુર્નામેન્ટ ૯મી ઓગસ્ટ ૨૦૨૪ના રોજ ૧૪:૩૦ કલાકે સબ-જુનિયર અંડર-૧૫ બોયઝ સિંગલ્સ ઈવેન્ટ સાથે શરૂ થશે, ત્યારબાદ હોપ્સ અંડર-૧૧ બોયઝ, કેડેટ અંડર-૧૩ બોયઝ, જુનિયર અંડર-૧૭ બોયઝ અને જુનિયર અંડર-૧૯ બોયઝ. ' મેન્સ સિંગલ્સ અને ડબલ્સ ઈવેન્ટ્સ પ્રથમ દિવસે ૧૯:૦૦ કલાકે શરૂ થશે. ગર્લ્સ ઈવેન્ટ્સ ૧૦મી ઓગસ્ટ ૨૦૨૪ના રોજ ૨:૩૦ કલાકે સબ-જુનિયર અંડર-૧૫ ગર્લ્સ સાથે શરૂ થશે, ત્યારબાદ હોપ્સ અંડર-૧૧ ગર્લ્સ, કેડેટ અંડર-૧૩ ગર્લ્સ, જુનિયર અંડર-૧૭ અને ૧૯ ગર્લ્સ, વુમન્સ સિંગલ અને મિક્સ ડબલ્સ ઈવેન્ટ્સ અને બાકીની સ્પર્ધાઓ યોજાશે. ટુર્નામેન્ટની મેચોની. તમામ વેટરન્સ ઈવેન્ટ્સ રવિવાર, ૧૧મી ઑગસ્ટ ૨૦૨૪ના રોજ સવારે ૮:૩૦ વાગ્યે રમાશે અને ત્યારપછી યુવા અંડર ૧૯ બોયઝ ફાઈનલ, મહિલા અને પુરુષોની ફાઈનલ રમાશે.આ ટુર્નામેન્ટમાં અમે વધુ એક ઈવેન્ટનું આયોજન કરી રહ્યા છીએ એટલે કે વેટરન્સ મેન્સ સિંગલ્સ ૬૪ .પુરુષ સિંગલ્સઃ ૧-પ્રથમ મદલાની, ૨-ભિન્નંગ કોઠારી, ૩-વેદ પંચાલ, ૪-ધ્યાનવાસવડા, ૫-અક્ષર જેઠવા, ૬- હેમંત પરીખ, ૭- ડૉ. અમય પાટણકર, મહિલા સિંગલ્સઃ ૧-શેલીષન પટેલ, ૨- અનુષ્કા પાંડે, ૩-દિયા ગોલાણી, ૪-સાક્ષી નાવાની, ૫-મહેક સેઠ, ૬-ધારાવણખેડકર, જુનિયર અંડર-૧૯ બોયઝઃ ૧-ધ્યાન વસાવડા, ૨-વેદ પંચાલ, ૩-અક્ષર જેઠવા, ૪-ક્રિશય વી શાહ, ૫- પલાશ કોઠારી, ૬-નભ્યા ગોએન્કા, જુનિયર અંડર-૧૯ ગર્લ્સઃ ૧-અનુષ્કા પાંડે, ૨-દિયા ગોલાની, ૩-મહેક શેઠ, ૪-રિયા પરીખ, ૫-મંશા વાંખેડકર, જુનિયર અંડર-૧૭ બોયઝઃ ૧-વેદ પંચાલ, ૨-ધ્યાન વસાવડા, ૩-નભ્ય ગોએન્કા, ૪-પલાશ કોઠારી, ૫-અક્ષર જેઠવા, ૬-ક્રિશય વી શાહ, ૭-આદિત્ય પોંકિયા, જુનિયર અંડર-૧૭ ગર્લ્સઃ ૧-રિયા પરીખ, ૨-સુઝાન ચૌહાણ, ૩-મનકર , ૪-દિયા ગોલાણી, ૫-પ્રિશા પંડ્યા, ૬-વૈભવી સારંગધર, સબ જુનિયર અંડર-૧૫ બોયઝઃ ૧-વેદ પંચાલ, ૨-ધ્યાન વસાવડા, ૩-પલાશ કોઠારી, ૪-ક્રિશય વી શાહ, ૫-અનુષ વ્યાસ, ૬ -રુદ્રાક્ષ ભટ્ટ, ૭-મન એમ પટેલ, ૮-ઝૈદ શેખ, સબ જુનિયર અંડર-૧૫ ગર્લ્સઃ ૧-મનશા વાંખેડકર, ૨-સચી નારીગરા, ૩-વૈભવી સારંગધર, ૪-ક્રિષ્ના એમ પટેલ, ૫-પ્રિશા પંડ્યા, ૬- આસ્થા દિહોરા, ૭-ધૈર્યવી રાઠવા, ૮-વૈભવી પટેલ, કેડેટ અંડર-૧૩ છોકરાઓઃ ૧-રુદ્રાક્ષ ભટ્ટ, ૨-આલાપ શાહ, ૩-અર્ણવ શાહ, ૪-પ્રચેત પરીખ, ૫-ધૈર્ય કાછી, ૬-ભવ્ય મહેતા, ૭ -કથન લાલાની, ૮-દર્શ મુદલિયાર, કેડેટ અંડર-૧૩ ગર્લ્સઃ ૧-ક્રિષ્ના એમ પટેલ, ૨-વૈભવી સારંગધર, ૩-દ્રષ્ટિ ડાભી, ૪-સચી નારીગરા, ૫-હિતાક્ષી ધાનાની, ૬-ઉત્કર્ષા સિંઘ, ૭-સારણવી , ૮-વૈશ્વી ગોલાણીયા, હોપ્સ-૧૧ બોયઝઃ ૧-અર્ણવ શાહ, ૨-ભવ્ય મહેતા, ૩-અઝાન ચૌહાણ, ૪- કૌશિક, ૫-હૃદાંશ દેસાઈ, ૬-દિવીર વી શાહ, ૭-કૃતિકેશ રોહિલ્લા, હોપ્સ યુ- ૧૧ છોકરીઓઃ ૧-સાનવી ચૌધરી, ૨-વાણી કોઠારી, ૩-ક્રિશા દેસાઈ, ૪-પ્રિયાંશી સિંહા, ૫-માન્યા શાહ, ૬-રિત્યા સાતવે.

# છોટાઉદેપુર જિલ્લાના ત્રણ વિધાનસભા મતવિસ્તારમાં આજે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરાશે

● છોટાઉદેપુર,

છોટાઉદેપુર જિલ્લાના ત્રણ વિધાનસભા મતવિસ્તારમાં આજે તા.૯/૦૮/૨૪ના રોજ સવારે ૦૯-૩૦ કલાકે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવનાર છે. જેમાં ૧૩૭-છોટાઉદેપુરમાં સ્વામી નારાયણ હોલ, ૧૩૮-જેતપુર પાવીમાં ગાયત્રી મંદિરની બાજુમાં, સેંડીવાસણા રોડ, કવાંટ અને ૧૩૯ - સંખેડામાં ડી.બી. પારેખ હાઈસ્કુલ ખાતે ઉજવણી કરવામાં આવશે.

જે પૈકી છોટાઉદેપુર ખાતે અન્ન અને નાગરિક પુરવઠા રાજ્યમંત્રી શ્રી ભીખુસિંહજી પરમારના અધ્યક્ષસ્થાને તથા સાંસદ શ્રી જશુભાઈ રાઠવા, ધારાસભ્ય શ્રી રાજેન્દ્રસિંહ રાઠવા અને છોટાઉદેપુર તાલુકા પંચાયત પ્રમુખ શ્રી કલ્પનાબેન રાઠવાની પ્રેરક ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાશે. સંખેડા ખાતે ગુજરાત વિધાનસભાના મુખ્ય દંડક શ્રી બાલકૃષ્ણ શુકલના અધ્યક્ષસ્થાને તથા ધારાસભ્ય શ્રી અભેસિંહ તડવી, સંખેડા તાલુકા પંચાયત પ્રમુખ શ્રી દીપિકાબેન તડવી, બોડેલી તાલુકા પંચાયત પ્રમુખ શ્રી શીતલકુંવરબા મહારાઉલ અને નસવાડી તાલુકા પંચાયત પ્રમુખ ભાવનાબેન ભીલની ઉપસ્થિતિમાં તેમજ કવાંટ ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી મલકાબેન પટેલના અધ્યક્ષસ્થાને તથા ધારાસભ્ય શ્રી જયંતીભાઈ રાઠવા, જેતપુર પાવી તાલુકા પંચાયત પ્રમુખ શ્રી મુકેશભાઈ રાઠવા, કવાંટ તાલુકા પંચાયત પ્રમુખ શ્રી મિલનભાઈ રાઠવા, માજી સાંસદ શ્રી ગીતાબેન રાઠવા અને ટ્રાયફેડના ચેરમેન શ્રી રામસિંગભાઈ રાઠવાની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાશે.

નોંધનીય છે કે, આજે છોટાઉદેપુર જિલ્લામાં મહાનુભાવોના હસ્તે રૂ.૨૬૮ લાખના ખર્ચે થયેલ ૯૨ કામોનું લોકાર્પણ અને રૂ.૧૦૪૦ લાખના ખર્ચે થનાર ૨૦૫ કામોનું ખાતમુહૂર્ત મળી કુલ રૂ.૧૩૦૮ લાખના ૨૯૭ કામોનું લોકાર્પણ- ખાતમુહૂર્ત થનાર છે.

# વિકલાંગ ક્વોટા હેઠળ નોકરી મેળવનાર ગુજરાતના 5 IAS અધિકારીના ફરી મેડિકલ ટેસ્ટ કરાશે

● અમદાવાદ, તા. ૮

મહારાષ્ટ્ર કેડરની ટ્રેઈની આઈએએસ પૂજા ખેડકર કાંડ બાદ હવે તંત્ર એક્શનમાં આવી ગયું છે. ગુજરાતમાં વિકલાંગ ક્વોટા હેઠળ નોકરી મેળવનારા લગભગ પાંચ IAS અધિકારીના મેડિકલ તપાસ કરાવવાના આદેશ કરાયા છે. ખોટા દિવ્યાંગ સર્ટિફિકેટ ના આધારે સિવિલ સર્વિસમાં ભરતી થયાની રજૂઆતના પગલે આ અધિકારીઓ સામે કેન્દ્રીય કક્ષાએ યુપીએસસી તથા ડીઓપીટી તપાસ ચલાવી રહી છે. તેમના તરફથી વિકલાંગ ક્વોટા હેઠળ નોકરી મેળવનારા ંછજી અધિકારીના મેડિકલ ટેસ્ટ ફરી કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

દેશમાં ૨૦૦૯ થી ૨૦૨૩ વચ્ચે વિકલાંગ ક્વોટા હેઠળ નિમણુંક મેળવેલા ંછજીની તપાસ શરૂ થઈ છે ત્યારે ગુજરાતની વહિવટી તંત્રમાં હાલ વિંકલાંતના આધારે કૂલ 7 IAS અધિકારીઓ ફરજ બજાવી રહ્યા છે. જેમાંથી ગુજરાતના ૫ અધિકારીઓની વિકલાંગતા સર્ટિફિકેટ સંદર્ભે તપાસ થશે. જે IAS અધિકારીઓએ વિકલાંગ સર્ટિફિકેટ રજૂ કર્યા છે તેમનો ફરીથી મેડિકલ ટેસ્ટ કરાશે. આ અધિકારીઓના મેડિકલ ટેસ્ટ અમદાવાદ સિવિલ હોસ્પિટલ અને એઈમ્સમાં થાય તેવી સંભાવના છે. તેમજ ફરીથી આ નવુ વિકલાંગ સર્ટિફિકેટ યુપીએસસી સમક્ષ રજૂ કરવાનું રહેશે અને જો મેડિકલ તપાસમાં તેઓ અનફિટ જાહેર થાય તો તેમની નોકરી જાય તેવી પણ શક્યતા છે.

નોંધનીય છે કે પૂજા ખેડકરની છેતરપિંડી બાદ યુપીએસસી તથા ડીઓપીટી દ્વારા દેશભરના વિકલાંગ ક્વોટા હેઠળ નિમણુંક મેળવેલા IASની તપાસ કરવામાં આવશે. ત્યારે ગુજરાતમાં પણ ૫ અધિકારીઓ રડાર હેઠળ આવી ગયા છે. ગયા મહિને ગુજરાત સરકારે તેના 4 IAS અધિકારીઓ સામે તપાસ શરૂ કરી હતી. ગુજરાત કેડરના આ તમામ અધિકારીઓ વિકલાંગતા પ્રમાણપત્ર દ્વારા IASમાં પસંદગી પામ્યા છે. એક વરિષ્ઠ અધિકારીએ દ્રષ્ટિહીનતા જ્યારે ત્રણ જુનિયર અધિકારીઓએ તેમના વિકલાંગ સર્ટિફિકેટમાં 'લોકોમોટિવ ડિસેબિલિટી'ના કારણો ટાંક્યા હતા.

પ્રાથમિક તપાસ બાદ ચાર આઈએએસ અધિકારીઓને શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા હતા.

# ધ્રુવ કન્સલ્ટન્સીએ નાણાકીય વર્ષ ૨૫ના પ્રથમ ત્રિમાસિકની કુલ આવકમાં અસાધારણ ૭૪% વૃદ્ધિ નોંધાવી

● મુંબઈ, ૮

ધ્રુવ કન્સલ્ટન્સી સર્વિસીસ લિ. (BSE – 541302: NSE – DHRUV), ભારતની અગ્રણી ઈન્ફ્રાસ્ટ્રક્ચર કન્સલ્ટન્સી કંપની પૈકીની એકે નાણાકીય વર્ષ ૨૫ના પ્રથમ ત્રિમાસિક માટેના અનઓડિટેડ નાણાકીય પરિણામોની જાણ કરી છે.

# પાવર એન્ડ ઇન્સ્ટ્રૂમેન્ટેશન (ગુજરાત) લિમિટેડે પ્રેફરન્શિયલ ઇક્વિટી શેર્સ અને વોરંટ દ્વારા ₹૭૧.૪૮ કરોડનું ભંડોળ ઊભું કરવાની જાહેરાત

● મુંબઈ, ૫

પાવર એન્ડ ઈન્સ્ટ્રૂમેન્ટેશન (ગુજરાત) લિમિટેડ, (NSE – PIGL, BSE – 543912) ઈલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટિંગ અને ઈક્વિપમેન્ટ ઈન્ડસ્ટ્રીમાં અગ્રણી ખેલાડીઓમાંની એકે પ્રેફરન્શિયલ ઈક્વિટી શેર્સ અને વોરન્ટ્સના માધ્યમથી પીટન ઈલેક્ટ્રિકલ કંપની લિમિટેડમાં નિયંત્રક હિસ્સાના સંપાદન દ્વારા ₹71.48 કરોડનું નોંધપાત્ર ભંડોળ ઊભું કરવાની જાહેરાત કરી છે. આ નિર્ણયો તાજેતરની બોર્ડ મીટિંગ દરમિયાન લેવામાં આવ્યા હતા અને તે જરૂરી મંજૂરીઓને આધીન છે.

ઈક્વિટી શેર ઈશ્યુઃ બોર્ડે ₹28.80 કરોડની રકમના ₹73.75ના પ્રીમિયમ સહિત ₹83.75ના ઈશ્યુ ભાવે પ્રત્યેક ₹10ના 34,39,000 ઈક્વિટી શેર ઈશ્યુ કરવાનો નિર્ણય લીધો છે. આ શેર પ્રેફરન્શિયલ ધોરણે નોન-પ્રમોટર ગ્રુપને આપવામાં આવશે.

ઈક્વિટી વોરંટ ઈશ્યુઃ કંપની ₹42.68 કરોડની રકમના વોરંટ દીઠ ₹83.75ના દરે ૫૦,૯૬,૦૦૦ ઈક્વિટી વોરંટ ઈશ્યુ કરી રહી છે. આ વોરંટ પ્રમોટર ગ્રુપ અને નોન-પ્રમોટર ગ્રુપ બંનેને પ્રેફરન્શિયલ ધોરણે આપવામાં આવશે. ૫૦,૯૬,૦૦૦ ઈક્વિટી વોરંટમાંથી ૪૧,૫૦,૦૦૦ પ્રમોટર ગ્રુપને અને બાકીના ૯,૪૬,૦૦૦ નોન-પ્રમોટર ગ્રુપને આપવામાં આવે છે.

પીટન ઈલેક્ટ્રિકલ કંપની લિમિટેડ (પીઈસીએલ)માં નિયંત્રક હિસ્સાનું સંપાદનઃ કંપનીએ ઈલેક્ટ્રિકલ પેનલ્સ, કોમ્પેક્ટ સબ-સ્ટેશન્સ અને બસ ટ્રંકિંગ સિસ્ટમ્સમાં વિશેષતા ધરાવતી મેન્યૂફેક્ચરર કંપની પીટન ઈલેક્ટ્રીકલ કંપની લિમિટેડમાં નિયંત્રક હિસ્સો હસ્તગત કરવાનો નિર્ણય કર્યો છે. આ વ્યૂહાત્મક સંપાદનનો હેતુ ઈલેક્ટ્રિકલ માર્કેટમાં પીઆઈજીએલના પદચિહ્નને વિસ્તારવાનો છે. હાલમાં, પીઆઈજીએલ પીઈસીએલમાં ૧૫.૨૩% હિસ્સો ધરાવે છે અને તેની યોજના પોતાની ભાગીદારીને વધારીને ૬૦% સુધી કરવાની છે. આ સંપાદન પીઈસીએલના મૂલ્યાંકન પર આધારિત હશે, જેમાં એક્ઝિક્યુટ કરવામાં આવનાર શેર ખરીદી કરાર અનુસાર છૂટા કરવામાં આવશે.આ વ્યૂહાત્મક નિર્ણયો તેની બજાર હાજરીને વિસ્તારવા અને શેરધારકોના મૂલ્યને વધારવા માટે પીઆઈજીએલની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે. કંપની વૃદ્ધિ અને નફાકારકતા વધારવા માટે નવી તકોનો લાભ ઉઠાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.


KRONOX **ક્રોનોક્સ લેબ સાયન્સીસ લિમિટેડ**

(CIN : L24117GJ2008PLC055460)

**રજીસ્ટર્ડ ઓફિસ :** બ્લોક નં. ૩૫૩, ગામ : એકલબારા, તાલુકો : પાદરા, જીલ્લો : વડોદરા - ૩૯૧૪૪૦, ગુજરાત.
Phone : ૦૨૬૬૨ - ૨૪૪૦૭૭ Email : cs@kronoxlabsciences.com Website : www.kronoxlabsciences.com

**૧૫મી વાર્ષિક સાધારણ સભા યોજવા, ઈ-વોટીંગની જાણકારી તેમજ બુક ક્લોઝર વિષયક સભાસદોને સૂચના**

**આથી સૂચના આપવામાં આવે છે કે** કંપનીના સભ્યોની ૧૫મી વાર્ષિક સામાન્ય સભા (AGM) **શુક્રવાર, તા.૩૦/૦૮/૨૦૨૪ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે (IST)** વિડીયો કોન્ફરન્સિંગ અથવા અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો (VC / OAVM) દ્વારા જોગવાઈઓ અનુસાર યોજવામાં આવશે. કંપની અધિનિયમ, ૨૦૧૩, તેના હેઠળ ઘડવામાં આવેલા નિયમો અને સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિકવાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫, કોર્પોરેટ અફેર્સ મંત્રાલય (MCA') અને સિક્યોરિટીઝ એન્ડ એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા ('SEBI) દ્વારા સમયાંતરે બહાર પાડવામાં આવેલા વિવિધ પરિપત્રો દ્વારા નિર્ધારિત પ્રક્રિયા સાથે વાંચવામાં આવે છે અને તેનું પાલન કરે છે.

વર્ષ ૨૦૨૩-૨૪ માટે કંપનીનો વાર્ષિક અહેવાલ, જેમાં ૩૧/૦૩/૨૦૨૪ ના રોજ પૂરા થયેલા નાણાંકીય વર્ષના નાણાંકીય નિવેદનો (વાર્ષિક અહેવાલ) સાથે એજીએમની સૂચના ૦૮/૦૮/૨૦૨૪ના રોજ ફક્ત તે બધાને ઈ-મેઈલ દ્વારા મોકલવામાં આવી છે. સભ્યો, જેમના ઈ-મેલ એડ્રેસ કંપનીમાં અથવા તેમના સંબંધિત ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ્સ (ડિપોઝિટરી) અને કંપનીનના રજિસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ, Kfin Technologies Limited સાથે MCA અને SEBI ના પરિપત્રો અનુસાર નોંધાયેલા છે.

એજીએમની સૂચના સાથેનો વાર્ષિક અહેવાલ જેમાં VC / OAVM દ્વારા એજીએમમાં હાજરી આપવાની પ્રક્રિયા અને રીતનો સમાવેશ થાય છે. તે કંપનીની વેબસાઈટ www.kronoxlabsciences.com , સ્ટોક એકસચેન્જની વેબસાઈટ્સ www.bseindia.com અને www.nseindia.com અને Kfin Technologies Limited (https://evoting.kfintech.com) ની વેબસાઈટ પર પણ ઉપલબ્ધ છે. શેરધારકો, જેઓ વાર્ષિક એહેવાલની ભૌતિક નકલો મેળવવા ઈચ્છે છે, તેઓ તેમની વિનંતી cs@kronoxlabsciences.com પર કંપનીને ઈ-મેલ કરી શકે છે.

કંપનીએ કંપની એકટ, ૨૦૧૩ ની કલમ ૧૦૮ અથવા સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિકવાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના નિયમો અને નિયમન ૪૪ ની જોગવાઈઓનું પાલન કરીને શેરધારકોને રિમોટ ઈ-વોટિંગ સુવિધા પૂરી પાડી છે. વાર્ષિક સામાન્ય સભામાં રિમોટ ઈન્વોટિંગ સુવિધા અને ઈ-વોટિંગ પ્રદાન કરવા માટે અધિકૃત એજન્સી તરીકે કંપનીએ Kfin Limited Technologies સાથે જોડાણ કર્યુ છે.

ઈ-વોટિંગ સંબંધિત યુઝર આઈડ અને પાસવર્ડ સહિતની માહિતી અને સૂચના સભ્યોને ઈ-મેલ દ્વારા મોકલવામાં આવી છે. VC / OAVM દ્વારા એજીએમમાં હાજરી આપવા માટે સમાન લોગિન ઓળખપત્રોનો ઉપયોગ કરવો જોઈએ.

ડીમટીરિયલાઈઝ્ડ મોડમાં શેર ધરાવતા સભ્યો દ્વારા એજીએમમાં રિમોટ ઈ-વોટિંગ અને ઈ-વોટિંગની રીત, જે સભ્યોએ તેમના ઈ-મેલ એડ્રેસ રજીસ્ટર કરાવ્યા નથી તેમના માટે વાર્ષિક રિપોર્ટ મેળવવાની રીત એજીએમની નોટિસમાં આપવામાં આવી છે અને તે પણ ઉપલબ્ધ છે. કંપનીની વેબસાઈટ : www.kronoxlabsciences.com અને સ્ટોક એકસચેન્જની વેબસાઈટ, એટલે કે BSE લિમિટેડ અને નેશનલ સ્ટોક એકસચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ પર અનુક્રમે www.bseindia.com અને www.nseindia.com પર ઉપલબ્ધ કરાવવામાં આવશે.

**રિમોટ ઈ-વોટિંગ સુવિધા** નીચેના મતદાન સમયગાળા દરમિયાન ઉપલબ્ધ હશેઃ રિમોટ ઈ-વોટિંગની શરૂઆતઃ સવારે ૦૯:૦૦ વાગ્યાથી IST મંગળવાર, ૨૭/૦૮/૨૦૨૪ ના રોજ. રિમોટ ઈ-વોટિંગ સમાપ્તઃ ૦૫:૦૦ IST ગુરુવાર, ૨૯/૦૮/૨૦૨૪ ના રોજ. ઉપરોકત તારીખ અને સમય પછી રિમોટ ઈ-વોગિની મંજૂરી આપવામાં આવશે નહીં અને ઉપરોકત સમયગાળો સમાપ્ત થવા પર Kfin Technologies Limited દ્વારા રિમોટ ઈ-વોટિંગ મોડ્યુલને તરત જ અક્ષમ કરવામાં આવશે.

જે સભ્યો એજીએમમાં VC / OAVM સુવિધા દ્વારા હાજરી આપે છે અને રિમોટ ઈ-વોટિંગ દ્વારા ઠરાવો પર પોતાનો મત આપ્યો નથી અને અન્યથા આમ કરવાથી પ્રતિબંધિત નથી, તેઓ ઈ-વોટિંગ સુવિધા દ્વારા મતદાન કરવા માટે લાયક રહેશે જેમ કે આ દરમિયાન ઉપલબ્ધ કરાવવામાં આવે. એજીએમ અને એજીએમના સમાપનથી ૧૫ મિનિટ સુધી. સભ્યો રિમોટ ઈ-વોટિંગ દ્વારા મત આપવાના તેમના અધિકારનો ઉપયોગ કર્યા પછી પણ મીટિંગમાં ભાગ લઈ શકે છે પંરતુ મીટિંગ દરમિયાન ફરીથી મતદાન કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

એજીએમના હેતુઓ માટે કંપનીના સભ્યોનું રજીસ્ટર અને શેર ટ્રાન્સફર બુક શનિવાર, ૨૪/૦૮/૨૦૨૪ થી શુક્રવાર, ૩૦/૦૮/૨૦૨૪ (બંને દિવસો સહિત) સુધી બંધ રહેશે.

વ્યક્તિ, જેનું નામ સભ્યોના રજીસ્ટરમાં નોંધાયેલ છે અને કટ-ઓફ તારીખે એટલે કે શુક્રવાર, ૨૩/૦૮/૨૦૨૪ સુધી જ ડિપોઝિટરીઝ દ્વારા જાળવવામાં આવેલા લાભકારી માલિકોના રજિસ્ટરમાં નોંધાયેલ છે, તે વ્યક્તિ જ સુવિધા મેળવવા માટે હકદાર રહેશે. રિમોટ ઈ-વોટિંગ અથવા એજીએમમાં ભાગ લેવા અને મતદાન માટે. જો કે, જો તે/તેણી પહેલાથી જ ડિપોઝિટરીઝ એટલે કે CDSL / NSDL સાથે રિમોટ ઈ-વોટિંગ માટે નોંધાયેલ હોય તો તે/તેણી વોટ આપવા માટે તેના અસ્તિત્વમાંના યુઝર આઈડી અને પાસવર્ડનો ઉપયોગ કરી શકે છે.

**ડિવિડન્ડની ચુકવણી :**

૨૮/૦૬/૨૦૨૪ ના રોજ યોજાયેલી તેમની બેઠકમાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ડિવિડન્ડની ભલામણ કરી છે. રૂા.૦.૫૦ (૫%) પ્રતિ ઈક્વિટી શેર (પ્રત્યેક રૂા.૧૦/- ની ફેસ વેલ્યુ), નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે, કંપનીની એજીએમમાં સભ્યોની મંજૂરીને આધીન. ડિવિડન્ડ અધિકારો સુનિશ્ચિત કરવા માટેની રેકોર્ડ તારીખ, શુક્રવાર, ૨૩/૦૮/૨૦૨૪ રહેશે.

ડિવિડન્ડ, જો આગામી વાર્ષિક સામાન્ય સભામાં મંજૂર કરવામાં આવે તો, ડિવિડન્ડની ચુકવણી માટે હકદાર શેરધારકની પાત્રતા નકકી કર્યા પછી, કંપનીના શેરધારકોને ચૂકવવામાં આવશે, જે કંપની દ્વારા જાહેર કરાયેલ રેકોર્ડ તારીખ એટલે કે શુક્રવાર, ૨૩/૦૮/૨૦૨૪ના રોજ આધારિત હશે.

**ડિવિડન્ડ પર TDS :**

આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ ની પ્રવર્તમાન જોગવાઈઓ અનુસાર, કંપનીએ તેના શેરધારકોને ચૂકવેલા ડિવિડન્ડ પર નિર્ધારિત દરે સ્ત્રોત પર કર (TDS) કાપવો જરૂરી છે. TDS દર શેરહોલ્ડર(ઓ)ની રહેણાંક સ્થિતિ અને તેમના દ્વારા સબમિટ કરેલા અને કંપની દ્વારા સ્વીકારવામાં આવેલા દસ્તાવેજોના આધારે બદલાશે.

જે સભ્યોને એજીએમ દરમિયાન રિમોટ ઈ-વોટિંગ / ઈ-વોટિંગ વિશે કોઈપ્રશ્નો હોય અથવા એજીએમ પહેલાં અથવા તે દરમિયાન સભામાં ભાગ લેવા માટે ટેકિનકલ સહાયની જરૂર હોય તો તેઓ કેફિનટેકનો emeetings@kfintech.com અથવા હેલ્પલાઈન ૧-૮૦૦-૩૦૯-૪૦૦૧ પર સંપર્ક કરી શકે છે.

શેરધારકો મહેરબાની કરીને નોંધ લે કે એમસીએ દ્વારા જારી કરાયેલા પરિપત્રોના સંદર્ભમાં કંપની એજીએમ નોટિસ અને વાર્ષિક અહેવાલની ભૌતિક નકલો શેરધારકોને મોકલશે નહીં.

**બોર્ડના આદેશથી**
**ક્રોનોક્સ લેબ સાયન્સીસ લિમિટેડ વતી,**
સહી/-
**નિખિલ ગોસ્વામી**
**કંપની સેક્રેટરી**
**સભ્યપદ નં. A 68272**

**સ્થળ : વડોદરા**
**તારીખ : ૦૮.૦૮.૨૦૨૪**


# મંગલમ વર્લ્ડવાઇડનો નાણાકીય વર્ષ ૨૫ના પ્રથમ ત્રિમાસિકનો ચોખ્ખો નફો ૧૪૩% વધ્યો

● મુંબઈ, ૮

મંગલમ વર્લ્ડવાઈડ લિમિટેડ (MWL) (NSE EMERGE – MWL), એક સંપૂર્ણ ઈન્ટ્રીગ્રેટેડ સ્ટેનલેસ-સ્ટીલ કંપનીએ નાણાકીય વર્ષ ૨૫ના પ્રથમ ત્રિમાસિક માટેના અનઓડિટેડ નાણાકીય પરિણામોની જાણ કરી છે.નાણાકીય વર્ષ ૨૫ના પ્રથમ ત્રિમાસિકની સંકલિત મુખ્ય નાણાકીય વિશેષતાઓ:

- ₹૨૩૦.૨૧ કરોડની કુલ આવક, ૧૩.૮૮%ની વાર્ષિક વૃદ્ધિ
- ₹૧૨.૮૮ કરોડનું EBITDA, ૭૮.૫૦%ની વાર્ષિક વૃદ્ધિ
- ૫.૬૦%નું EBITDA માર્જિન, ૨૦૩ બીપીએસની વાર્ષિક વૃદ્ધિ
- ₹૬.૦૧ કરોડનો ચોખ્ખો નફો, ૧૪૩.૨૮%ની વાર્ષિક વૃદ્ધિ
- ૨.૬૧%નો ચોખ્ખો નફો માર્જિન, ૧૩૯ બીપીએસની વાર્ષિક વૃદ્ધિ
- ₹૨.૪૫ની શેર દીઠ કમાણી, ૧૪૨.૫૭%ની વાર્ષિક વૃદ્ધિ

# ઈનોર્બિટ મોલ વડોદરાએ ૯-૧૧ ઓગસ્ટ સુધી મિડનાઈટ સેલની જાહેરાત કરી

● વડોદરા, ૭

ઈનોર્બિટ મોલ વડોદરા દ્વારા તેની અત્યાર સુધીની સૌથી રોમાંચક ઈવેન્ટની જાહેરાત કરવામાં આવી છે, જે જાહેરાત એ છે કે મોલના મિડનાઈટ સેલ ઈનોર્બિટ નાઈટઆઉટનું ભવ્ય આયોજન ૯થી ૧૧ ઓગસ્ટ સુધી કરવામાં આવી રહ્યું છે. આ સમયગાળા દરમિયાન, મોલ ૫૦થી વધુ સહભાગી બ્રાન્ડ્સ તરફથી ૭૦% સુધીની છૂટના બેજોડ સોદા સાથે રાત્રિના ૧૨:૩૦ વાગ્યા સુધી ચાલુ રહેશે અને આટલું જ નહીં, ખરીદીના ઉત્સવ સાથે દરેક રાત્રિએ ૯ વાગ્યાથી શરૂ થતી મનોરંજન કાયક્રમોની એક હારમાળા પણ હશે– જેની શરૂઆત ૯મીએ પ્રસિદ્ધ કોમેડિયન રાઘવ ઠક્કર દ્વારા ગલગલિયા કરાવતી સ્ટેન્ડ-અપ કોમેડી એક્ટ સાથે શરૂ થશે અને ત્યારબાદ ૧૦ ઓગસ્ટના રોજ પ્રખ્યાત સંગીતકાર દેવ સિંહ અને તેમના બેન્ડ દ્વારા ઈન્સ્ટ્રૂમેન્ટલ મ્યુઝિકલ નાઈટની પ્રસ્તુતિ કરવામાં આવશે અને ૧૧ ઓગસ્ટે પ્રસિદ્ધ ગાયક આશિષ શર્માના લાઈવ મ્યુઝિક શો સાથે સમાપ્ત થશે. તમે તમારા વોર્ડરોબને અપડેટ કરી રહ્યાં હોવ અથવા કંઈક નવું શોધી રહ્યાં હોવ, તો આ સેલ આપના માટે સુવર્ણ તક છે! શોપર્સ સ્ટોપ, મેક્સ, પેન્ટલૂન્સ, ક્લેવિન ક્લેન, યુએસ પોલો, ટોમી હાઈફિગર, એન્ડ, મેટ્રો, મોચી, ક્રોક્સ, ઓન્લી, જેક એન્ડ જોન્સ, રેર રેબિટ, નાયકા, એડિડાસ, બ્લેકબેરી, વાઈલ્ડક્રાફ્ટ, લેવીસ, પેપે જિન્સ, બેગ્ગિટ, વીઆઈપી, ઝિંક લંડન, એથનિસિટી જેવી ઘણી બધી ટોચની બ્રાન્ડ્સની વિશિષ્ટ ઓફર્સ ચૂકશો નહીં.જ્યારે તમે મોલમાં હોવ, ત્યારે તમારા મનપસંદ આઉટલેટ પર ભોજનનો સ્વાદ માણવાનું ભૂલશો નહીં. કેલિફોર્નિયા બુરિટો અને સબવે પણ મિડનાઈટ સેલ દરમિયાન ઓફર ચલાવશે.તો, તમે શેની રાહ જોઈ રહ્યા છો? તમારા કેલેન્ડર્સમાં આ તારીખોને નોંધી લો અને ઈનોર્બિટ નાઈટઆઉટ ખાતે ખરીદી અને મનોરંજનની અવિસ્મરણીય રાત્રિ માટે અમારી સાથે જોડાઓ, જ્યાં અદ્રીતય ડીલ્સ અને લાઈવ પર્ફોર્મન્સ આપની રાહ જોઈ રહ્યા છે!

# પોલીસ વિભાગમાં વધુ એક બઢતીનો ઓર્ડર, હવે ૧૨૮ જુનિયર કલાર્કને કર્યા ખુશ

● અમદાવાદ,તા.૮

ગુજરાતના પોલીસ બેડામાં બઢતીના ઓર્ડર માટે લાંબા સમયથી રાહ જોવામાં આવી રહી હતી. એવામાં પહેલામાં ૨૩૩ જેટલા PSI ને PI તરીકે બઢતી આપીને ખુશ કરવામાં આવ્યા હતા. હવે રાજ્યના પોલીસ વિભાગમાં જુનિયર ક્લાર્ક તરીકે ફરજ પર હતા તેવા ૧૨૮ કર્મચારીને સિનિયર ક્લાર્ક તરીકે બઢતી આપવામાં આવી છે. આ બઢતી માટેની પણ લાંબા સમયથી રાહ જોવામાં આવી રહી હતી જેના પર આજે પોલીસ વિભાગની મહોર લાગી છે. નોંધનીય છે કે, થોડા દિવસ પહેલા ગૃહ વિભાગ દ્વારા ૨૩૩ PSI ને PI તરીકે બઢતી આપવામાં આવી હતી. આ બઢતીમાં વિવિધ જિલ્લા અને શહેરોમાં ફરજ બજાવતા અધિકારીઓ સામેલ છે. જેમાં અમદાવાદ શહેર, વડોદરા શહેર, સુરત શહેર, રાજકોટ શહેર જેવા મોટા શહેરો ઉપરાંત અમરેલી, ડાંગ, પંચમહાલ જેવા જિલ્લાઓનો પણ સમાવેશ થયો હતો. અગાઉ ASIની ભરતી પ્રક્રિયા બઢતીથી કરવાને લઈને નિર્ણય કર્યો હતો. રાજ્ય પોલીસ દળમાં બિન હથિયારી ASI સંવર્ગના અનુભવી કર્મચારી મળી રહે અને ફીડર કેડરમાં બઢતીની તકો વધવાથી તેઓ ઉત્સાહપૂર્વક કામગીરી કરી શકે તેવા શુભ આશયથી ગૃહ વિભાગ ગુજરાત સરકારના સંદર્ભિત પત્રથી બિન હથિયારી આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર, વર્ગ ૩ની સીધી ભરતી રદ કરવાની અને આ સંવર્ગની તમામ ખાલી જગ્યાઓ માત્ર બઢતીથી ભરવાની મંજૂરી આપવામાં આવી છે.

# સીએમ પટેલે પોતાના ઘરે તિરંગો લહેરાવી 'હર ઘર તિરંગા' અભિયાનનો કરાવ્યો પ્રારંભ



● અમદાવાદ,તા.૮

આગામી ૧૫મી ઓગસ્ટ, સ્વતંત્રતા દિવસ પહેલા ગુજરાતમાં રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્રભક્તિને ઉજાગર કરવા માટે ખાસ અભિયાનની શરૂઆત કરાઈ છે.આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં તિરંગા અભિયાન એટલે કે હર ઘર તિરંગા અભિયાનની શરૂઆત પોતાના નિવાસસ્થાને તિરંગો લહેરાવીને કરાવી હતી. હવે રાજ્યના ચાર મોટા શહેરમાં આ તિરંગા અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે. આ અભિયાન અંતર્ગત રાજ્યમાં અંદાજે ૫૦ લાખ તિરંગાનું વિતરણ થશે અને ૧૫ ઓગસ્ટ સુધી આ અભિયાન ચાલશે. રાજ્યના ચાર મોટા શહેરમાં ભવ્ય તિરંગા યાત્રાનું પણ આયોજન કરવામાં આવ્યુ છે. મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં રાજ્યના ચાર મુખ્ય શહેરો રાજકોટ, અમદાવાદ સુરત અને વડોદરામાં ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યુ છે. આ વર્ષે 'હર ઘર તિરંગા' અંતર્ગત રાજ્યમાં તિરંગા રેલી, તિરંગા યાત્રા, તિરંગા રન, તિરંગા કૉન્સર્ટ, તિરંગા કેનવાસ, તિરંગા શપથ, તિરંગા સેલ્ફી તેમજ તિરંગા મેળા જેવા બહુવિધ કાર્યક્રમો યોજાવવાના છે. આ હર ઘર તિરંગા અભિયાન ૧૫ ઓગસ્ટ સ્વાતંત્ર્ય દિનની ઉજવણી પૂર્વે જન જનમાં રાષ્ટ્રપ્રેમ, દેશભક્તિ અને દેશદાઝ જગાવનારું રાષ્ટ્ર ચેતના અભિયાન બને તેવી નેમ રાખવામાં આવી છે.


**Transpek Industry Limited**
Transpek Creative Chemistry

**CIN NO.: L23205GJ1965PLC001343**
**Registered Office :** 4th Floor, Lilleria 1038, Gotri - Sevasi Road, Vadodara - 390 021. **Ph # :** (0265) 6700300
**Email :** secretarial@transpek.com **Website :** www.transpek.com

**EXTRACT OF UNAUDITED STANDALONE AND CONSOLIDATED RESULTS FOR THE QUARTER ENDED 30TH JUNE, 2024.**

| PARTICULARS | Standalone ( Rs. In Lakhs ) Quarter ended 30th June, 2024 (Unaudited) | Standalone Quarter ended 31st March, 2024 (Audited) | Standalone Quarter ended 30th June, 2023 (Unaudited) | Standalone Year ended 31st March, 2024 (Audited) | Consolidated (Rs. In Lakhs) Quarter ended 30th June, 2024 (Unaudited) | Consolidated Quarter ended 31st March, 2024 (Audited) | Consolidated Quarter ended 30th June, 2023 (Unaudited) | Consolidated Year ended 31st March, 2024 (Audited) |
|---|---|---|---|---|---|---|---|---|
| Revenue from Operations | 15,186.07 | 14,820.78 | 16,216.33 | 57,962.68 | 15,186.07 | 14,820.78 | 16,216.33 | 57,962.68 |
| Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and / or Extraordinary items) | 1,166.38 | 874.12 | 2,125.48 | 5,551.60 | 1,166.25 | 874.09 | 2,125.42 | 5,551.24 |
| Net Profit / (Loss) for the period before tax (after Exceptional and / or Extraordinary items) | 1,166.38 | 874.12 | 2,125.48 | 5,551.60 | 1,166.25 | 874.09 | 2,125.42 | 5,551.24 |
| Net Profit / (Loss) for the period after tax (after Exceptional and / or Extraordinary items) | 929.03 | 563.73 | 1,585.05 | 3,856.25 | 928.90 | 563.70 | 1,584.99 | 3,855.89 |
| Total Comprehensive Income for the period [comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | 1,565.81 | 4,350.89 | 1,853.67 | 10,211.92 | 1,565.68 | 4,350.86 | 1,853.61 | 10,211.55 |
| Equity Share Capital | 558.56 | 558.56 | 558.56 | 558.56 | 558.56 | 558.56 | 558.56 | 558.56 |
| Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year | – | – | – | 66,781.85 | -- | -- | -- | 66,780.56 |
| Earnings Per Share (of Rs.10/- each) | | | | | | | | |
| Basic & Diluted ( Rs. ) | 16.63 | 10.09 | 28.38 | 69.04 | 16.63 | 10.09 | 28.38 | 69.03 |

**Note :**
The above is an extract of the detailed format of Unaudited Financial Results filed with the Stock Exchange under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Unaudited Financial Results is available on the Company's website at www.transpek.com and the Stock Exchange's Website at www.bseindia.com.

**For TRANSPEK INDUSTRY LIMITED**
**BIMAL V. MEHTA**
**MANAGING DIRECTOR**
**DIN: 00081171**

**Date : August 08, 2024**
**Place : Vadodara**